ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

સાચો શુદ્ધ સ્નેહ કાચો તાંતણે બંધાઈ જાય છે!
જરૂર નથી ગાંઠની, હૃદયથી સંધાઈ જાય છે!
થાય છે સંકલ્પથી રક્ષા, હોય જો મનોમન એક -
પ્રેમે પકવે ખીચડીં લાપસી રંધાઈ જાય છે...

હાઈકુ

બાંધે હૃદય,
હૈયાં, હીરના દોરે -
રક્ષા-બંધન...

જન્મોજન્મનાં,
છે પવિત્ર બંધન -
થાય છે રક્ષા...

ચિંતન

શોકસ્થાનસહસ્રાણિ ભયસ્થાનશતાનિ ચ ।
દિવસે દિવસે મૂઢમાવિશન્તિ ન પણ્ડિતમ્ ॥

ઉપરોક્ત શ્લોક 'સુભાષિત રત્નાવલી' માંથી લેવામાં આવેલ છે.

'શોકના સ્થાન હજાર છે.' અને 'ભયનાં સ્થાન સેંકડો છે.' તે બધાં દરરોજ મૂર્ખના મનમાં પ્રવેશ કરે છે. પંડિતને સ્પર્શતા નથી.

સંસારમાં અનેક દુ:ખ-તકલીફ-મુશ્કલીઓ-આફતો જુદા જુદા સ્વરુપે જેવાં કે રોગો-આર્થિક પરિસ્થિતિ - કૌટુંબિક કલેશ ધંધા-નોકરીમાં ખટપટો સ્વરુપે બધા અસમજુ અજ્ઞાની - મૂર્ખ લોકોને કનડે છે અને એવા એ સતત દુ:ખમાં ડૂબેલા જ રહે છે.

પરંતુ જે વિવેકપૂર્ણ રીતે પરિસ્થિતિને ઓળખે, કર્મયોગની વાકેફ હોય એવા વિવેકી પંડિતને આ બધું સ્પર્શતુ નથી. એ બધાથી 'અલિપ્ત' રહી સદા સુખ-શાંતિમાં જ રહે છે.

સુવિચાર

- આપણી પાસેની વસ્તુઓ વધારી છે, પણ આપણી પોતાની કિંમત ઘટાડી છે - **કાંતિ ભટ્ટ**
- લાખો રૂપિયાની તાણ ભોગવીએ છીએ પણ મફતમાં મળી શકે એવું નિખાલસ હાસ્ય નથી માણી શકતા - **ફુલછાબ**
- ગુણ સ્વરુપને શોભાવે છે, શીલ કુલને શોભાવે છે, સિદ્ધિ વિદ્યાને શોભાવે છે અને ભોગ ધનને શોભાવે છે - **નીતિ મંજરી**
- વિદ્યાર્થીઓને માટે અધ્યાપકે 'આત્મદીપો ભવ'ની ભાવના પોતાના ચારિત્ર્યકર્મમાં ઉતારવી જ રહી - **ચંદ્રકાન્ત શેઠ**
- પ્રત્યેક વ્યક્તિએ પોતે જે છે તે જ બનવું જોઈએ, તેની અંદર જે સુષુપ્ત શક્તિ રહેલી છે, તેને વિકસાવવી જોઈએ એ સાચી કેળવણી છે - **શ્રી અરવિંદ**
- યુનિવર્સિટી એ સમાજ-પરિવર્તન માપવાનું બેરોમીટર છે - **જેમ્સ પરકિન્સ**
- આજનું ઔષધ : જાયફળનો ઉકાળો પીવાથી ઉધરસ મટે છે **(સંકલન : દિપક વી આશરા)**

બોધકથા

એક વેપારીને ચમત્કારમાં વિશ્વાસ હતો. એને વિચાર આવ્યો કે રામકૃષ્ણ પરમહંસને જો ભગવાન મળવા આવતા હોય તો એમની ભલામણ મળતા આવતા હોય તો એમની ભલામણ થાય તો મારે પણ ભગવાનને મળવું. વેપારી રામકૃષ્ણ પરમહંસ પાસે ગયો. અને કહ્યું, 'ગુરુદેવ, આપને ભગવાન મળવા આવે છે, તો મને પણ ભગવાન નો ભેટો કરાવો.' પરમહંસે કહ્યું, 'ભઘવાન તમને કયાં મળવા આવે ?' વેપારી બોલ્યો, 'મારું સરનામું આપું છું, આપ ભગવાનને ભલામણ કરો તો મને પણ મુલાકાત મળશે.' પરમહંસ બોલ્યા, 'ઠીક ત્યારે, તમારું સરનામું જણાવો.' વેપારીએ પોતાનું સરનામું જણાવ્યું. પછી પરમહંસ બોલ્યા, 'ભાઈ, આ તો સિમેન્ટ, લોખંડ, લાકડાંની બનેલી ઈમારતનું સરનામું છે. આમાં તારું ઠેકાણું કયાં છે ? વેપારી મુંઝાઈ ગયો. પરમહંસે તેને સમજાવતા કહ્યું, 'ભાઈ તું તો તારું પોતાનું ઠેકાણું નથી જાણતો તો પ્રભુ તને કયાં મળવા આવે.' પહેલા તું તારું ઠેકાણું મેળવ, પછી હું ભગવાનને ભલામણ કરીશ.' વેપારી પરમહંસની ટકોર સમજી ગયો અને પોતાનો પરિચય પામવાની સાધનામાં લાગી ગયો.

દેશમાં ઉજવાયો આઝાદીનો જશ્ન

તંત્રીસ્થાનેથી...

દેશમાં અભિનવ આઝાદીનો માહોલ ઊભો કરવામાં વર્તમાન કેન્દ્ર સરકારને ધારી સફળતા મળી રહી છે. સિત્તેર દિવસમાં સિત્તેર વર્ષ સુધી ન થઈ શક્યા એવા બે નિર્ણયો થયા : ૩૭૦મી કલમ અને ૩૫-એની કાશ્મીરને દેશનાં અન્ય રાજયોથી અલગ પાડતી અને વાસ્તવમાં મહાપ્રવાહથી વિખૂટું રાખતી કલમોનો ખાત્મો અને મુસ્લિમ મહિલાઓને 'તીન તલાક' જેવી જોહુકમીથી છુટકારો. આ બેઉ નિર્ણયો સામે રાજકીય હેતુસર કરાયા હોવાના આક્ષેપો ભલે થયા રહે પરંતુ આખરે એ દેશ અને દેશની અબોલ મહિલાઓના હિતમાં લેવાયા છે, એટલું તો સ્વીકારવું જ પડશે. લાલ કિલ્લા પર છઠ્ઠી વાર ત્રિરંગો ફરકાવતા વડાપ્રધાન માટે આ સિદ્ધિઓ પ્રજાજોગ સંદેશ તરીકે કેન્દ્રમાં રહે તે સ્વાભાવિક છે. મોદી ફુલ ફોર્મમાં હતા અને એમની પ્રભાવક વાક્છટામાં માથે બાંધેલ રાજસ્થાની સાફા સાથે વીર નાયક સમા લાગતા હતા. વિશ્વની મહાસત્તાઓ સાથે ભારતનો પાટલો માંડવાનું શ્રેય મોદીને સાંપડ્યું છે. 'મોદી હૈ તો મુમકીન હૈ' નો નારો સાચો પડ્યો છે. એમણે દેશની અર્થવ્યવસ્થાનો ક્રમશઃ નહીં પણ 'હાઈ જમ્પ' - ઊંચો કૂદકો, છલાંગ ભરીને આગળ વધારવોનો સંકલ્પ પણ કર્યો છે, જે દેશની યુવા પેઢીને જરૂર ગમશે. ભારત વિશ્વની વિકસિત ઈકોનોમી બની ચૂક્યાનું સર્ટિફીકેટ તો ખુદ અમેરિકાના રાષ્ટ્રપ્રમખ આપી ચૂક્યા છે. હવે તેઓ ચીન અને ભારતને મળતા વિકાસશીલ દેશોવાળા લાભ અટકાવવાના મૂડમાં છે. અમેરિકાના જરૂરિયાતવાળા નાગરિકો માટે એ નાણાં વાપરવા માગતા ટ્રમ્પ આ મુદ્દે એમની આગલી ટર્મ પાકી કરી રહ્યા છે તો જમ્મુ-કાશ્મીર અને હવે પછીના સંભવિત આયોજન મુજબ પાક અધિકૃત કાશ્મીર કબજે કરી મોદીએ વધુ એક ટર્મ અત્યારથી જ પાકી કરી દીધી છે. મોદીએ એમની ખાસિયત મુજબ પ્રજાજીવન પર સરકારનો ઓછામાં ઓછો હસ્તક્ષેપ રહે તેવી લાગણી પણ વ્યક્ત કરી હતી. વસ્તી વિસ્ફોટની ચિંતા પણ રજૂ કરી અને 'ઈઝ ઑફ લિવિંગ' - પ્રજા કેવી રીતે આરામદાયક તથા સુવિધાયુક્ત જિંદગી જીવી શકે એ દિશામાં કામ કરવાનો વિચાર પણ રજૂ કર્યો. મોદીએ કોઈ મોટી લોકકલ્યાણકારી યોજનાઓ કે કાર્યક્રમો નથી આપ્યા. સ્વચ્છતા ઝુંબેશ અને જળસંચય જેવા મુદ્દા અલબત્ત સરકારની નોંધમાં છે જ. મહદંશે એમનું લાલ કિલ્લા પરનું ભાષણ સૈનિકોની શહીદી અને આઝાદીના લડવૈયાઓની શ્રદ્ધાંજલિ ઉપરાંત જમ્મુ કાશ્મીર અને તીન તલાક જેવા જોખમી નિર્ણયો સફળતાપૂર્વક લેવાની ઉજવણી સમાન હતું. કિસાનોને પણ તેઓ યાદ કરે જ - આખરે એમની આવક બમણી કરવાનું વચન આપી ચૂકેલ ઓછે. ગુજરાતના નવા રાજયપાલશ્રીએ રાજભવન ખાતે યોજાયા રહેતા 'એટ હોમ' કાર્યક્રમોનું નવું સ્વરુપ આપી દેશભક્તિનાં ગીતો રજૂ કરાવ્યાં અને ક્રાંતિકારી શહીદ રામપ્રસાદ 'બિસ્મિલ' તથા ભગતસિંહને યાદ કરી આઝાદી માટે પ્રાણ આપનારા અને હાંસિયે ધકેલાઈ ગયેલા લડવૈયાઓને અંજલી આપી. એમણે કેન્દ્ર સરકારના જ ઈતિહાસ બદલવાના ઈરાદાને વાચા આપતા હોય એવું વકતવ્ય આપ્યું જેમાં મહાત્મા ગાંધીનો નામોલ્લેખ સુધ્ધાં નહોતો ! ઑર્ગેનિક ખેતી અને ગૌસંવર્ધન જેવા રચનાત્મક કાર્યક્રમોના પોતાના અનુભવનો લાભ તેઓ ગુજરાતને પણ આપશે એવી અપેક્ષા અસ્થાને નથી.

શેર કો જંગલ સે પકડકર પીંજરે મેં બંધ કર દીયા હૈ... મગર શેર તો પિંજરે મેં ભી ઘાસ નહીં ખાતા

ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

શેર કો જંગલ સે પકડકર પીંજરે મેં બંધ કર દીયા હૈ...
મગર શેર તો પિંજરે મેં ભી ઘાસ નહીં ખાતા

- ૧૬ ડિસેમ્બર

જી હા ! ફિલ્મનું નામ છે, '૧૬ ડિસેમ્બર'. પરંતુ આ ફિલ્મ રિલીઝ થઈ હતી, ૨૨મી માર્ચ ૨૦૦૨માં. ફિલ્મ દિગ્દર્શક મણિશંકરે બનાવેલી આ ફિલ્મ ભારત-પાકિસ્તાનની ૭૧'ની લડાઈના ૩૦ વર્ષની ઉજવણી પ્રસંગે બનાવાઈ હતી, જેમ ૧૬ ડિસેમ્બર ખરેખર ભારત 'વિજય દિવસ'ની સાથે સાથે 'બાંગ્લાદેશ'ના જન્મનો પણ સાક્ષી આ દિવસ રહ્યો હતો.

આ ફિલ્મની પટકથા અને દિગ્દર્શન મણિશંકરે કર્યું હતું. ડેની ડેન્ઝોગ્પા, ગુલશન ગ્રોવર, મિલીન્દ સોમાન, સુશાંત સિંહ, અદિતી ગોવિત્રીકર જેવા કલાકારોએ આ ફિલ્મમાં અભિનય કર્યો હતો. મણિશંકરે જ આ ફિલ્મના સંવાદ લખ્યા હતા.

The One & Only ડેની ડેન્ઝોગ્પાના મુખે ફિલ્મમાં આ સંવાદ બોલાવવામાં આવ્યો છે. લગભગ ઘણા બધા ચલચિત્રોમાં ઉપર મુજબનો આવો સંવાદ આપણે સાંભળ્યો હશે. પરંતુ વાસ્તવમાં 'હિતોપદેશ' માં આ જ પ્રકારની વાત સમજાવતો શ્લોક હજારો વર્ષ પહેલા જ લખાઈ ગયો છે.

મનસ્વી મ્રિયતે કામં કાર્પણ્યં ન તુ ગચ્છતિ ।
અપિ નિર્વાણમાયાતિ નાનલો યાતિ શીતતામ્ ॥

મનસ્વી (અહીં સ્વમાની) મરી ભલે જાય, દીનભાવ નહીં અપનાવે. આગ બુઝાઈ ભલે જાય ઠંડી નહીં થાય.

પંડિત નારાયણે 'પંચતંત્ર' તથા અન્ય નીતિગ્રંથોની મદદથી 'હિતોપદેશ' ની રચના કરી. ડૉ. ફલીટનું માનવું છે કે આની રચના ૧૧મી સદીની આસપાસ થઈ હોવી જોઈએ.

હિતોપદેશની કથાઓમાં અર્બુદાચલ (આબુ), પાટલીપુત્ર, ઉજ્જયિની, માળવા, હસ્તિનાપુર, કાન્યકુબ્જ (કનૌજ), વારાણસી, મગધદેશ, કલિંગદેશ આદિ સ્થાનોનો ઉલ્લેખ છે.

હિતોપદેશ મિત્રલાભ, સુહૃદ ભેદ, વિગ્રહ અને સંધિ એમ ચાર વિભાગમાં વિભાજીત છે.

હિતોપદેશની કથાઓ અત્યંત સરલ અને સુગ્રાહ્ય છે. વિભિન્ન પશુપક્ષીઓ પર આધારિત કથાઓ તેની ખાસ વિશેષતા છે. રચયિતાએ આ પશુપક્ષીના માધ્યમથી કથાશિલ્પની રચના કરી છે, જેની સમાપ્તિ કોઈ બોધજનક વાતથી થાય છે.

jayuoza@gmail.com
Mo.9898046488

રવિવારે 'વિચાર-વિમર્શ અને વિવેચન' કાર્યક્રમ

સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમોમાં, કાર્યક્રમ વાર્તાવાચિકમ્ કાવ્યપઠન, તથા તે અન્વયે 'વિચાર-વિમર્શ અને વિવેચન' અંતર્ગતનો એક કાર્યક્રમ તા. ૧૮-૦૮-૨૦૧૯ને રવિવારના રોજ બપોરના ૧ થી ૪ કલાક દરમિયાન, ડૉ. આંબેડકર ભવનના સમિતિ ખંડમાં, સેકટર-૧૨, 'ગ-રોડ' ગાંધીનગર ખાતે યોજશે, જેમાં સાહિત્યકાર નરેન્દ્ર વાણિયા, તેઓની વાર્તા 'ભાગિયો'નું વાંચન કરશે, જયારે કવિ રામભાઈ સોલંકી તેઓનાં કાવ્યોનું સ્વમુખે પઠન કરશે અને ત્યારબાદ આ રજૂ થયેલ કૃતિઓ અન્વયે પીઠ કવિઓ, લેખકો વિચાર-વિમર્શ કરી, સમીક્ષા-વિવેચન કરશે. આથી આ સાહિત્યિક કાર્યક્રમને માણવા, અચૂક પધારવા સભ્યશ્રીઓ, સાહિત્યરસિકો, ભાવકો અને મહાનુભાવોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● વિસરાતી ગરવી ગુજરાતી ભાષાને સદાય મધમધતી અને ધબકતી રાખવા ગાંધીનગર સાહિત્યસભા દ્વારા યોજાતા કાર્યક્રમોમાં, 'સર્જક સાથે એક સાંજ' કાર્યક્રમ અંતર્ગત, ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ, સર્જક, લેખક અને પત્રકાર દિનેશ દેસઈ, કે જેઓએ ૮૦ પુસ્તકો લખ્યાં છે, જેમાં ૨૮ પુસ્તકો માન. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિષેના છે, તેઓએ તેમની સર્જન પ્રક્રિયાની વાતો કરી તથા તેમની વાર્તા 'બહેરું આયખું - મૂંગી વ્યથા' નું વાંચન કર્યું અને સ્વલિખિત ગઝલોનું સ્વમુખે પઠન કરી, સૌને રસ તરબોળ કર્યા. હાજર સર્વેએ રચનાઓની મદઝરતી ભીનાશને, શ્રાવણના સરવરિયાની સાથે મનભર માણી. પ્રમુખ નટવર હેડાઉએ સ્વાગત કરી,દિનેશ દેસાઈનું પુસ્તકથી સન્માન કર્યું. મહામંત્રી કલ્પેશ પટેલે પ્રાસંગિક પ્રવચન અને ઉપપ્રમુખ સંજય થોરાતે આભારવિધિ કરી હતી.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

ગોળમેજી પરિષદ : નિષ્ફળતામાં સફળતાની ગાથા

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

જગતની દ્રષ્ટિએ અને ગાંધીની દ્રષ્ટિએ ૧૯૩૧ ની ગાંધીજીની યુરોપયાત્રા રાજકીય રીતે સફળ રહી ન હતી. બાપુ ૨૯મી ઓગસ્ટ, ૧૯૩૧ ના દિવસે 'રાજપૂતાના' સ્ટીમરમાં બેસીને મુંબઈથી ઈંગ્લાંડ જવા નીકળ્યા. ગાંધી પોતે પણ આ ગોળમેજી પરિષદ (૧૯૩૧) માં જવા તૈયાર ન હતા. બ્રિટિશ સત્તાધિશોની કૂટનીતિનો તેમને પૂર્ણ અણસાર હતો. આથી આવી કોઈ પરિષદની સફળતા બાબત તેઓ સાશંક હતા. બાપુની ધારણા હતી તેવુંજ નિરાશાજનક પરિણામ પણ આવ્યું. બાપુએ પોતે ઈંગ્લાંડથી ભારત પાછા આવતા પેરિસના એક સમારંભમાં કહ્યું :

"હું વિલાયતથી ખાલી હાથે પાછો આવ્યો છું. પરંતુ કાળા હાથ કરીને નથી આવ્યો. તેથી મને જરાપણ દિલગીરી થતી નથી. હું દેશનું નાક કપાવીને આવ્યો હોત તો ધરતીમાં સમાઈ જવાનુંમન થાત... પરંતુ મારા એક પણ શબ્દ કે કૃત્યથી શરમાતો નથી. "

ગાંધી ભલે ખાલી હાથે પાછા આવ્યા. પરંતુ યુરોપ — અમેરિકાની પ્રજાના દિલ જીતીને આવ્યા. ઝેરનો ઘૂંટડો ગળીને તેઓ દેશમાં પાછા આવ્યા. લંડનમાં તેઓ દ્રઢ નિશ્ચય કરીને સરકારના અતિથિ બનવાને બદલે ગરીબોના લત્તામાં જઈને રહ્યા. એ લોકોના જીવનમાં ભળી ગયા. જગતને આ મહાત્માએ બતાવી આપ્યું કે લંડનના ગરીબો અને હિંદના કંગાળો વચ્ચે એક અદ્રષ્ય લાગણી કે અનુકંપાનો તાંતણો છે. લેંકેશાયરના મિલમજૂરોને તેમણે હિન્દના ગરીબો માટે ખાદીના વસ્ત્રોના કાર્યની અનિવાર્યતા સમજાવી. જે મજૂરોને પોતાની રોજી ગુમાવ્યાનો રોષ હતો તેઓ ગાંધીની સત્યકથા સાંભળીને હિન્દના કંગાળ ભાંડુઓ માટે ગદગદિત થયા. જગતના તમામ ગરીબોની મહાવ્યથા એ તેમની ગરીબીજ છે એ વાતની પ્રતિતિ ગાંધી સિવાય કોઈ કરાવી શકે તેવી સંભાવના ઓછી છે. બંકિંગહામ પેલેસમાં રાજાના ભવ્ય મેળાવડામાં પણ તેઓ પોતાનો પહેરવેશ બદલ્યા સિવાય ગયા. ઈંગ્લાંડના રાજવી સાથેની વાતચીતમાં પણ તેમની પોલાદી દ્રઢતાના દર્શન થયા. મોઢામોઢ સત્ય સંભળાવવાની તેમની શક્તિનું દર્શન તેમના ઈંગ્લાંડથી વળતા પ્રવાસમાં ઈટલીના જગપ્રસિધ્ધ શાસક મુસોલીનીને પણ થયું. મુસોલીની ગાંધીજીને પૂછે છે : " મેં જે ફાસિસ્ટ ઢબનું લશ્કરી રાજ્ય ઊભું કર્યું છે તે વિશે તમે શું માનો છો? " સત્ય અને નિર્ભયતાના પુજારી ગાંધી મુસોલીનીને સણસણતો જવાબ વાળે છે. ગાંધીજી કહે છે : " મને તો લાગે છે કે તમે આ ગંજીફાનો મહેલ ઊભો કરી રહ્યા છો. " પોતડીધારી દૂબળા દેહમાં રહેલી આ અસાધારણ આત્મશક્તિ આ સંવાદમાં ઝળાહળા થઈ રહેલી છે. ઓગસ્ટના ઐતિહાસિક માસમાં બાપુની ગોળમેજી પરિષદની સાથે સંકળાયેલી અનેક વાતો સ્મરણમાં આવે તે સ્વાભાવિક છે.

દેશની મુક્તિના દ્વાર ઓગસ્ટ મહિનામાં જ ખુલ્યા. લાલ કિલ્લા પરથી એક નવલા પ્રભાતની ઘોષણામાં દેશના કરોડો માનવીઓની આકાંક્ષાઓનો પ્રતિભાવ પડઘાતો હતો. દેશના ભાગલાની લોહીયાળ ઘટના પણ આજ સમયમાં જગતે જોઈ. અનેક નિર્દોષ લોકોનો અકારણ ભોગ આ વિભિષિકાએ લીધો. આઝાદીનો ઉત્સવ દેશમાં ઉજવાતો હતો ત્યારે આ સોનેરી સ્વતંત્રતાના જનક ગાંધીજી બંગાળમાં ડહોળાયેલી સ્થિતિની વચ્ચે દુ:ખી ભાંડુઓની વચ્ચે જઈને ઊભા હતા. આ માસમાં જ ગુજરાતના સમર્થ સંશોધક-લેખક પત્રકાર તથા લોક સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનો જન્મ ચોટીલામાં થયો. (તા.૨૮ ઓગસ્ટ-૧૮૯૬) કેટકેટલી અસાધારણ ઘટનાઓની સ્મૃતિ ઉરમાં સંઘરીને કાળદેવતા ઊભા હશે !

ગોળમેજી પરિષદમાં બાપુ જતા હોય તેની કથાનો કડીબધ્ધ ઈતિહાસ લખવા સૌરાષ્ટ્રના તે સમયના નિષ્પક્ષ તથા નીડર પત્રકારત્વના મશાલચી અમૃતલાલ શેઠ તલપાપડ થતા હોય તે સ્વાભાવિક છે. તેમના 'સૌરાષ્ટ્ર' અખબારના માધ્યમથી ગોળમેજી પરિષદની ઘટના સાથે વણાયેલા અસંખ્ય રાજકીય તાણાંવાણાં ઉકેલીને તે રજૂ કરવાનો શેઠ સાહેબનો પ્રયાસ હતો. પરંતુ આ બધી ઘટનાઓ વચ્ચે સમગ્ર પ્રસંગના કેન્દ્ર સમાન ગાંધીજીના મનોજગતનું ચિત્રણ કોણ કરી શકે? તંત્રી અમૃતલાલ શેઠ જાણતા હતા કે આ કામ માત્ર મેઘાણી જ કરી શકે! મેઘાણીભાઈ કવિ હતા. દ્રષ્ટા હતા. તેમની તીક્ષ્ણ અને જાગૃત દ્રષ્ટિએ આ પ્રસંગને અનુરૂપ એક અમર રચનાનું સર્જન થયું. રચના એવી ધારદાર કે તે ગાંધીને પણ સ્પર્શી ગઈ તેની પ્રતિતિ મહાદેવભાઈના લખાણ પરથી થાય છે. બાપુની ગોળમેજી પરિષદના પ્રયાણના આખરી સમયે જ ગીત રચાયું. ગીતની કેટલીક પ્રતો કઢાવીને આ ગીતના શબ્દો તાબડતોબ મુંબઈ પહોંચાડવાનો અર્થપૂર્ણ પ્રયાસ થયો. મુંબઈ બંદર પરથી ગાંધીજીની વિદાયના ટાણે ગીતની પ્રતોની વહેંચણી થઈ. પ્રસંગનું ગાંભીર્ય તો હતું જ. પરંતુ આ ઉજળા પ્રસંગને ચાર ચાંદ લગાડવાનું વિરાટ કાર્ય મેઘાણીની નીવડેલી કલમે કર્યું. રાષ્ટ્રપિતાના મનોભાવો તથા વેદનાનું આવું ચિત્રણ કદાચ કોઈ પણ ભાષાના પદ્ય કે ગદ્યમાં મળવું મુશ્કેલ છે. સમગ્ર હિન્દુસ્તાન પૂરા આદરથી ગાંધીને 'ખુદા હાફીઝ' કહે છે. સત્યની આકરી તાવણી માટે ઝેરનો કટોરો પી જવા માટે કવિ આગ્રહ કરે છે !

છેલ્લો કટોરો ઝેરનો ! આઃ પી જજો બાપુ
સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો બાપુ
સુર અસુરના આ નવયુગી ઉદધિ- વલોણે
શી છે ગતાગમ રત્નના કામી જનોને !
તું વિના શંભુ ! કોણ પીશે ઝેર દોણે
હૈયા લગી ગરવા ગરલ ઝટ જાઓ રે બાપુ !
ઓ સૌમ્ય-રૌદ્ર ! કરાળ-કોમલ! જાઓ રે બાપુ !

બાપુની વિરાટ પ્રતિભા મેઘાણીભાઈના શબ્દોમાં કાળા વાદળોની વચ્ચે વિજ ચમકે તેમ આ કૃતિમાં ચમકી રહે છે. 'રાજપૂતાના' સ્ટીમરે પંથ ખેડવાનો પ્રારંભ કર્યો તે પછી મહાદેવભાઈ અનેક પત્રો સાથે મેઘાણીભાઈનું આ કાવ્ય પણ બાપુને વાંચવા આપે છે. આ રચના વાંચીને ગાંધીજીએ કહ્યું: "મારી સ્થિતિનું આમાં જે વર્ણન થયું છે તે તદ્દન સાચું છે." આરપાર જોઈ શકવાની આવી કવિ દ્રષ્ટિ જગતે બહુ ઓછા કિસ્સામાં જોઈ હશે.

મુંબઈ બંદરથી ગાંધી નીકળ્યા ત્યારે જ ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો. જાણે ઈન્દ્ર વિદાયના આંસુ સારી રહ્યો હતો. પરંતુ બાપુને વળાવવા આવેલો વિશાળ માનવ સમુદાય પોતાની જગાએથી ખસતો ન હતો. હિન્દના હૃદય સમ્રાટની ઐતિહાસિક યાત્રાનું આ દ્રષ્ય સાચે જ હૃદય પિગળાવનારું બની રહ્યું હતું. લંડનની સડક પર શરદઋતુની ટાઢમાં ખાદીની પોતડી પહેરીને તથા શાલ ઓઢીને લોકોએ ગાંધીને ફરતા જોયા હતા. આમ પ્રજાની વચ્ચે તેઓ કિંગ્સલી હોલમાં રહ્યા તેની પણ એક મોટી અસર ઊભી થવા પામી. અનેક સામાન્ય જનોના દિલોદિમાગ પર વિજય મેળવીને આ મહામાનવ હિન્દુસ્તાન પાછા આવ્યા.

ચપટી મીઠું ઉપાડીને ગાંધીજીએ બ્રિટિશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં લૂણો લગાડ્યો

ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

૬ઠ્ઠી એપ્રિલ ૧૯૩૦નો દિવસ એટલે સવિનય કાનૂનભંગનો દિવસ.' સમગ્ર દેશની જ નહીં આખી દુનિયાની નજર દાંડીને દરિયે કેન્દ્રિત થઈ હતી. ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહીઓ અર્થે ગાંધીજીએ જે કૂચ અમદાવાદથી દાંડી સુધી આદરી હતી તે આજે દાંડી પહોંચી ગઈ હતી તેની સમગ્ર વિશ્વ નોંધ લીધી હતી. એક તરફ ગાંધીજીના વિચારને ભારતીય પ્રજાનું પ્રચંડ સમર્થન મળ્યું હતું તો બીજી તરફ આ આખા ઘટના ક્રમથી બ્રિટિશ હકુમત અવઢવભરી સ્થિતિમાં હોય એવો માહોલ રચાયો હતો.

અંગ્રેજ સરકાર મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાઈ હતી એમ માનવાને કારણ પણ હતું. અંગ્રેજ અધિકારી લોર્ડ ફ્રેન્ડ બ્રેન્ટફર્ડની ભાષામાં એ વ્યક્ત થતું હતું. સરકાર મીઠાના કર સામે કશું નમતું જોખવા તૈયાર નથી એવી સ્પષ્ટતા કરતા હોય તેમ તેમણે કહ્યું હતું કે "અમે હિન્દુસ્તાન ને કઈ હિન્દુઓના લાભને માટે જીત્યું નથી. અમે હિન્દુસ્તાની ગ્રેટ બ્રિટનના ભલા માટેના એક વહેતા માર્ગ માટે જીત્યું છે. અમે તલવારથી હિંદને જીત્યું છે અને તલવારથી જ તેને વશ રાખીશું. ટુકમાં અંગ્રેજ અધિકારીએ સત્તાની તુમાખીમાં લાઠી-ગોળી ચલાવીને પણ આંદોલન કચડી નાખીશું એવો ડર ભારતીયોને બતાવ્યો હતો.

જો કે ગાંધીજીએ અંગ્રેજ સરકારની સામે સજ્જડ પ્રતિકાર આપતા કહ્યું કે, હા, પરંતુ બંદૂક કરતાં કંઈક વિશેષ મહત્વનું અમારી પાસે છે. અમારી પાસે સત્ય અને ન્યાય છે. અને સમય અમારા પક્ષે છે. જેમણે મુક્ત થવાનો નિર્ધાર કર્યો છે એવા ૩૫૦ લાખ લોકોને તમે પકડી રાખી શકો નહીં. તમે આ જોશો. અંગ્રેજ સરકારની વાત સાથે એકાક્ષરી શબ્દ હા થી જ જવાબ આપવાની તેમણે શરૂઆત કરી. એટલે કે અંગ્રેજોની જે પોતાની તાકાત અને તુમાખી સાથેની ભાષા હતી એમાં તેમણે સહમતી વ્યક્ત કરી અને પછી તરત જ તેમણે સત્યાગ્રહીઓની અને ભારતીયોની તાકાતનો પરિચય પણ આપ્યો. ન્યાય અને સત્યના માર્ગે ચાલવાની વાત સ્પષ્ટ કરીને તેમણે એ પણ સંદેશો આપ્યો કે અંગ્રેજોની ધમકીની ભાષાની આઝાદી જ ઈચ્છતા ભારતીયો ઉપર કોઈ અસર નહીં થાય. મીઠા સામેનો કર વિરોધ જ્યાં સુધી દૂર થશે નહિ ત્યાં સુધી સત્યાગ્રહ ચાલુ જ રહેશે.

દાંડીના દરિયા કિનારે ૬ઠ્ઠી એપ્રિલના દિવસે આવી દ્વિધા ભરી પરિસ્થિતિનું દ્રશ્ય જહીલાતું હતું પણ એ સ્થિતિ અંગ્રેજ સરકારની હતી. ગાંધીજીને મીઠાનો સત્યાગ્રહ કરતાં રોકવાના કે તેમની ધરપકડ કરવાના હોઈ એવા કોઈ ચિન્હો દાંડીમાં જણાતા ન હતા. કોઈ વિશેષ પોલીસ બંદોબસ્ત પણ ન હતો. ગાંધીજીની ધરપકડ થાય એવું દેખાતું ન હતું. કારણ કે ગાંધીજીને જો પકડીને લઈ જવા હોય તો કમસેકમ ચાર માઈલ ચાલીને લઈ જવા પડે. દાંડી સુધી કોઈ વાહન આવી શકે એવી શક્યતા જ નહોતી. અને ધોળે દિવસે ગાંધીજીની ધરપકડ સરકાર માટે પણ સરળ નહોતીએ સરકાર સમજાતી હતી. એટલે ગાંધીજી અને તેમના સાથીઓને માટે મીઠાનો સત્યાગ્રહ કરવામાં ખાસ કોઈ વિઘ્ન ન હતું.

અંગેજા અધિકારીની સત્તાની તુમાખીને ગાંધીજીએ સત્ય અને ન્યાયની સામે ચકાસી જોવા પડકાર આપ્યો

દાંડીયાત્રા શરૂ થઈ ત્યારે સાબરમતીથી કૂચ પ્રસ્થાનનો સમય સવારે ૬.૨૦નો હતો એ જ સમય દાંડી સત્યાગ્રહમાં પણ ઠરાવવામાં આવ્યો હોય એમ હતું કારણ કે ગાંધીજી સવારે પ્રાંતઃ કાળે સમુદ્ર સ્નાન કરીને તેમના મુકામ સૈફીવિલામાં હતા. સૈફીવિલાની બરાબર સામે માંડ સો ડગલા છેટે જ કુદરતી રીતે મીઠું પાકેલું હતું. તે સ્થળેથી જ મીઠું ઉપાડીને સત્યાગ્રહ કરવાનો હતો પરંતુ આ મીઠાવાળી જગ્યા ઉપર સરકારે કાદવ અને મીઠું ભેગું કરી દઈને સત્યાગ્રહ નહિ કરવા દેવાનું કાવતરું પાર પાડી દીધું હતું. પરંતુ એક સ્થાનિક ગાંધીવાદી કાર્યકર છીબુભાઈ કેશવજી પટેલે સાવચેતી રાખીને એક ખાડામાં કુદરતી રીતે પાકેલા મીઠા ઉપર ઘાસ પાંદડા નાખીને ઢાંકી દીધું હતું જેના ઉપર સરકારી માણસોની નજર પડી નહોતી. આ આ રીતે સિફતપૂર્વક સાચવી રાખેલું મીઠું તેમણે ગાંધીજીને બતાવ્યું. ગાંધીજીએ વાંકા વળીને એક ચપટી મીઠું ઉપાડ્યું. અને આસપાસ ઊભેલા સેંકડો લોકોએ ગગનભેદી હર્ષનાદ કર્યો: "નમક કા કાનૂન તોડ દિયા!".

ચપટી મીઠું લઈને મહાત્મા ગાંધીએ એક જ વાત કહી: "બ્રિટિશ સામ્રાજ્યની ઈમારતના પાયામાં હું આથી લૂણો લગાડું છું". ને ગાંધી એ ખરેખર લૂણો લગાડી દીધો.

કોઈપણ સરકાર પોતે બનાવેલા કાયદાનું કોઈ આ રીતે જાહેરમાં ઉલ્લંઘન કરે અને બીજાને પણ તે પ્રમાણે કરવાનું કહે તો એ બળવો જ ગણાય. કોઈ સરકાર એ ચલાવી ન લે. અને આ તો અંગ્રેજ હકુમત એ તો ક્યારેય ન ચલાવી લે. પરંતુ દાંડીમાં આનાથી સાવ ઊલટું થયું. બ્રિટિશ સરકારે આવો વિરોધ ચાલવા દીધો. કોઈ પગલાં નાં ભર્યાં. કદાચ ગાંધીની સત્ય અને અહિંસાની તાકાત સામે લાઠી-ગોળીની સરકારની પણ હિંમત નાં ચાલી. આ ગાંધીની તાકાત એમ કહી શકાય. અલબત્ત તેમાં છતાં એક વિચાર તો થાય જ કે અંગ્રેજ સરકારે આ કેમ ચાલવા દીધું? આ એક ઉકેલ માગતા કોયડો છે. ઈતિહાસ સંશોધનકારો માટેનો સંશોધનનો એક વિષય પણ છે.

ગાંધીજીએ ચપટી મીઠું ઉપાડયા પછી દાંડીની આસપાસનાં દરિયા કિનારાના સ્થળોએ કુદરતી રીતે મીઠું ઠેર-ઠેર પડેલું હતું એટલે બાકીના સત્યાગ્રહીઓએ તે લૂંટીને કાનૂન ભંગ કર્યો દેશભરમાં આ મીઠાના સત્યાગ્રહના સમાચાર વાયુવેગે ફરી વળ્યા. સેનાપતિનો હુકમ મળતાં દરેક સૈનિક રણમોરચે કામે લાગી જાય એમ દાંડીકૂચના સેનાપતિનો આદેશ જાહેર થતા જ ગુજરાત અને દેશના ખૂણે ખૂણે નમક સત્યાગ્રહ સક્રિય આંદોલન રૂપે જન-જનમાં પ્રસરી ગયું. બીજા જ દિવસે દાંડી નજીકના 'આટ' ગામે લોકો મીઠું ઉપાડવા ગયા ત્યારે પોલીસોએ અત્યાચાર કર્યો. સત્યાગ્રહી ઉકાભાઈ રામાભાઈના હાથના કાંડા ઉપર પોલીસે લાઠી વિંઝી એટલે અન્ય સ્ત્રી-પુરૂષોએ ખાડામાં ધસી જઈ મીઠું ઉપાડવાનું શરુ કરી દીધું. 'આટ' ગામમાં જ સ્વયંસેવકોની ધરપકડ થઈ. ગાંધીજીનો એ દિવસે મૌન વાર હતો તેમ છતાં તેઓ અબ્બાસઅલી તૈયબજી અને સરોજિની નાયડુ સાથે ત્યાં પહોંચી ગયા. એક કાગળની ચબરખી ઉપર એમણે ટૂંકો સંદેશો લખ્યો જે સત્યાગ્રહીઓને વાંચી સંભળાવવામાં આવ્યો. ગાંધીજીનો સંદેશો હતો કે "કોઈ પણ પરિસ્થિતિમાં તમે તમારા નિશ્ચયને વળગી રહેજો. પોલીસને હિંસક પગલાં લેવાને ઉત્તેજન મળે એવો કોઈ પ્રતિકાર તમે કરશો નહીં. જે મીઠું તમે એકઠું કરો, તેને છાતી સાથે બરાબર વળગાડી રાખવાનો પૂરો અધિકાર તમને છે, એમ કરવામાં હિંસા થતી નથી. આ મીઠું આપણને આપણા લોહી જેટલું વહાલું છે. હું ઈચ્છું છું કે તમારી ધીરજ વડે અને તમારા કષ્ટ સહન કરીને તમે પોલીસના હૃદયનું પણ પરિવર્તન કરશો. મારી તમને સલાહ છે કે પોલીસની દખલગીરી તરફ ધ્યાન ના આપતા તમારું કામકાજ ચાલુ રાખજો.

આ રીતે ગાંધીએ એક મીઠાના સામે અહિંસક લડત ના મંડાણ દેશભરમાં કરી દીધા.